# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૧/૦૭/૨૦૧૬ થી તા.૧૭/૦૭/૨૦૧૬)

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

**ગુજરાત સહિત મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, દિલ્હી, હરીયાણા જેવા આંતર રાજયોની અલગ અલગ બેંકોના એટીએમ કાર્ડ બદલી છેતરપિંડી કરી તેમજ ખિસ્સા તથા બેંક બેલેન્સ ખાલી કરતી હરીયાણાની પુનિયા ગેંગને રૂ. ૩,૯૨,૦૧૦/-ના મુધ્દામાલ સાથે ઝડપી પાડતી એલસીબી ખેડા-નડીઆદ.તા.૧૪/૭/૧૬**

શ્રી મનિન્દર પ્રતાપસિંહ પવાર પોલીસ અધિક્ષક ખેડા-નડીઆદનાઓએ જિલ્લામા બનતા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા અંગે આપવામા આવેલ સુચના અને માર્ગદર્શન આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.જે.રાઠોડ એલસીબી ખેડા-નડીઆદનાઓએ એલસીબી સ્ટાફના પોલીસ કર્મચારીઓને આ પ્રકારના ગુનાઓ શોધી કાઢવા જરૂરી એવી યુકિત પ્રયુકિતનો ઉપયોગ કરી સરળતાથી ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચન તેમજ ટેકનીકલ સાધનો તથા સીસીટીવી ફુટેજ વિ.નો ઉપયોગ કરી આવા પ્રકારના ગુનાઓ શોધી કાઢવા આપેલ માર્ગદશર્ન મુજબ આજરોજ તા. ૧૪/૦૭/૨૦૧૬ના રોજ એલસીબી સ્ટાફના પોલીસ કર્મચારીઓ એએસઆઇ સરફરાજહુસૈન, પો.કો. ભગવાનભાઇ, પો.કો. વિનોદભાઇ, પો.કો. પ્રદિપસિંહ, પો.કો. રાજુભાઇ, પો.કો. સંદીપ લોટન પો.કો. ભાર્ગવકુમાર સાથે નડીઆદથી કઠલાલ વિસ્તારના હાઇવે રોડ ઉપર પેટ્રોલીંગમા હતા. દરમ્યાન પો.કો. પ્રદિપસિંહનાઓની અંગત માહીતીથી કઠલાલ લાડવેલ રોડ ઉપરથી એક શંકાસ્પદ હયુન્ડાઇ વર્ના ગાડી નં. HR 59 B 2122માંથી (૧) રમેશકુમાર સ/ઓ અતરસિંગ અમીલાલ પુનિયા રાજપૂત (હરીજન) રહેવાસી ગામ કનોહ કરોડી રોડ, હરીજન ધર્મશાળા નજીક તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા) (૨) સુરેશકુમાર સ/ઓ ચતરસિંગ માંઇલાલ પુનિયા રાજપૂત (હરીજન) રહેવાસી ગામ કનોહ કરોડી રોડ, હરીજન ધર્મશાળા નજીક તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા) (૩) સંજયકુમાર ઉર્ફે બાબા સ/ઓ અતરસિંગ ઉર્ફે અતરારામ અમીલાલ પુનિયા રાજપૂત હરીજન રહેવાસી ગામ કનોહ કરોડી રોડ, હરીજન ધર્મશાળા નજીક તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા) (૪) ડ્રાઇવર અજમેર ઉર્ફે કાલુરામ સ/ઓ પાલારામ રામજીલાલ સાંસી પુનિયા રાજપૂતહરીજન રહેવાસી કનોહ પંચાયત પાસે તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા)નાઓને કુલ ૩૦ નંગ અલગ અલગ બેંકોના ડેબીટ, ક્રેડીટ, પ્રાઇમ, વીઝા વિગેરે પ્રકારના એટીએમ કાર્ડ તથા રોકડ રૂ. ૧,૪૦,૦૧૦/- તથા ૩ મોબાઇલ ફોન, ગાડી સહિત કુલ્લે રૂ. ૩,૯૨,૦૧૦/-ની મતાના મુધ્દામાલ સાથે ઝડપી પાડવામા આવેલ છે. તેઓની પૂછપરછ દરમ્યાન તેઓએ છેલ્લા આશરે આઠ- નવ માસ દરમ્યાનમાં અવાર નવાર મહીનામા ચાર પાંચ દિવસ તેઓ ફકત ગુજરાત રાજયના નાના સેન્ટરોમા રોજના ૨૨ થી ૨૫ જેટલા એટીએમ કાર્ડ કાઢી લઇ આશરે ૧૫ થી ૨૦ લાખ જેટલી રકમની ઉચાપત કરેલાનો એકરાર કરેલ છે. ગુજરાતમા કપડવંજ, બાયડ, અમદાવાદ, નડીઆદ,પેટલાદ, બોરસદ, ઉના, ગીર સોમનાથ, મહુવા વરતેજવિગેરે પોલીસ સ્ટેશન ખાતે આ પ્રકારના બનાવો સબંધે ગુનાઓ નોંધાયેલ છે. જયારે બાકીના વિસ્તારોમા આવા કોઇ ગુનાઓ નોંધાયેલ છે કે કેમ? તે દિશામા તપાસની કાર્યવાહી ચાલુમા છે તેમજ પકડાયેલ એટીએમ કાર્ડ આધારે સબંઘિત ભોગ બનનાર વ્યકિતઓનો સંપર્ક કરી તેઓને પણ આ બાબતે સબંઘિત પોલીસ

સ્ટેશનનો સંપર્ક કરવા જાણ કરેલ છે. તપાસ દરમ્યાન આ પુનિયા ગેંગના માણસો દ્વારા ભારતભરમાંથી કરોડો રૂપિયાની ઉચાપત કરેલ હોવાની હકિકત બહાર આવે તેવી પુરેપુરી સંભાવના વ્યકત થયેલ છે. આરોપીઓ અગાઉ દિલ્હી ખાતે આવા પ્રકારની મોડેસ ઓપરેન્ડીથી ગુનાઓ કરતા પકડાયેલા છે. હાલ સુધીમા તપાસમા આરોપીઓએ કરેલા એકરાર મુજબ કુલ ૩૫ ગુનાઓની કબૂલાત કરેલ છે. જે પૈકી ખેડા જિલ્લામા -૩, અરવલ્લી બાયડ પો.સ્ટે.ના –૨, અમદાવાદ શહેર-૪, આણંદ જિલ્લાના પેટલાદ તથા બોરસદ-૨, જુનાગઢ જિલ્લાના ઉના-૧, ગીરસોમનાથ-૧, ભાગનગર જિલ્લાના વરતેજ -૧ તથા મહુવા પે.સ્ટે.-૧ નર્મદા જિલ્લાના કેવડીયા પો.સ્ટે.-૧, ગોધરા જિલ્લાના ગોધરા શહેર તથા શહેરા મળી-૨ મળી કુલ -૧૮ ગુનાઓ ડીટેકટ કરેલ છે.

## <u>પુનિયા ગેંગના મુખ્ય સાગરીતો</u>

(૧) છોટુરામ ફગુરામ રાજપૂત (હરીજન) રહેવાસી બરવાળા જી.હિસાર (હરીયાણા)

(૨) રાજેન્દ્રકુમાર રૂપસીંગ રાજપૂત (હરીજન) રહેવાસી બરવાળા જી.હિસાર (હરીયાણા)

(૩) રમેશકુમાર સ/ઓ અતરસિંગ અમીલાલ પુનિયા રાજપૂત (હરીજન) રહેવાસી ગામ કનોહ કરોડી રોડ, હરીજન ધર્મશાળા નજીક તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા)

(૪) સુરેશકુમાર સ/ઓ ચતરૂસિંગ માંઇલાલ પુનિયા રાજપૂત (હરીજન) રહેવાસી ગામ કનોહ કરોડી રોડ, હરીજન ધર્મશાળા નજીક તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા)

(૫) સંજયકુમાર ઉર્ફે બાબા સ/ઓ અતરસિંગ ઉર્ફે અતરારામ અમીલાલ પુનિયા સાંસી રાજપૂત હરીજન રહેવાસી ગામ કનોહ કરોડી રોડ, હરીજન ધર્મશાળા નજીક તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા)

(૬) પ્રવિણ ગજેસિંગ પુનિયા રાજપૂત (હરીજન) રહે. મુળ કનોહ તા. ઉકલાના જી.હિસાર (હરીયાણા) હાલ રહે. બરવાલા હાંસીરોડ તા.ઉકલાના જિ.હિસાર (હરીયાણા)

(૭) રાજેન્દ્રસિંગ ઉર્ફે સિંદર રૂપાસિંગ પુનિયા રાજપૂત (હરીજન) રહે. મુળ કનોહ તા. ઉકલાના જી.હિસાર (હરીયાણા) હાલ રહે. બરવાલા રેલ્વે ફાટક નજીક તા. ઉકલાના જિ.હિસાર (હરીયાણા)

## <u>પુનિયા ગેંગનો ઇતિહાસ, કાર્યક્ષેત્ર વિસ્તાર તથા ગુનાની રીતઃ-</u>

પુનિયા ગેંગના માણસો મૂળ કનોહ ગામ તા. ઉકલાના પોસ્ટ કનોહ જી.હિસાર (હરીયાણા) ના વતનીઓ છે અને તેઓનો કોઇ ચોકકસ કામધંધો નથી તેઓ ફકત છુટક ખેત મજુરી કામ કરે છે. આ લોકો છુટક ડ્રાઇવીંગ કરી દિલ્હી ખાતે જઇ ખિસ્સા કાતરૂથી માંડીને અલગ અલગ બેંકોના એટીએમ કાર્ડ બદલાવી લેવાના ગુનાઓ આચરતી આવેલ છે.

જેમા આ કામે પકડાયેલ ઇસમો અગાઉ દિલ્હીમા ખિસ્સા કાતરૂનો ધંધો કરતા હોય તેઓની આ ગેરકાયદેસરની પ્રવૃતિમાંથી મળી આવતા પાકીટમાંથી અમુક અમુક બેંકોના એટીએમ કાર્ડ પણ મળી આવતા તે એટીએમ કાર્ડ તથા દિલ્હી ઇદગાહ પાસે આવેલ ભેંસોની મંડીમા પણ આવા એટીએમ કાર્ડ ફકત રૂ. ૫૦૦/ની કિંમતમા મળી જાય છે. તે એટીએમ કાર્ડનો તેઓ આ પ્રકારના ગુનાઓ આચરવામા ઉપયોગ કરી ગુનાઓ આચરતા આવેલ છે. આવી પ્રવૃતિમા ખાસ કરીને તેઓ બે થી વધારે માણસોનો ગુનાના કામે ઉપયોગ કરતા આવેલ છે. જેમા કોઇ બેંકના એટીએમ સેન્ટરમા જતા પહેલા તેઓ તે ગામ/શહેર વિસ્તારમા આવેલ એટીએમ સેન્ટરો જોઇ લઇ તેની રેકી કરી લે છે અને કોઇ વૃધ્ધ કે એટીએમમાંથી પૈસા ઉપાડવાની કાર્યવાહીથી અજાણ એવા લોકોને વિશ્વાસમા લઇ એટીએમ માંથી પૈસા ઉપાડવા મદદ કરવાના બહાને તેઓ પૈકી એક ઇસમ આવા લોકોનો એટીએમ પાસવર્ડ જોઇ તેમના મગજમા રાખી લે છે અને ત્યાર

બાદ બીજો ઇસમ આવા લોકોને એટીએમ હેલ્પ કરવાના બહાને તે જ બેંકનુ તેવુ એટીએમ ચેંજ કરી લે છે. અને થોડીવારમાં જ એટીએમ છોડી નજીકના કોઇ એટીએમમાંથી મહતમ રકમ કાઢી લે છે અને બીજી રકમ તેઓ અન્ય કોઇ જાણકાર વ્યકિતઓ પાસેથી પોતાની પાસેના બીજા ચાલુ એટીએમમા નાણા ટ્રાન્સફર કરાવી તેમાંથી પૈસા ઉપાડી લે છે.

આ રીતે આ પુનિયા ગેંગના માણસો છેક હરીયાણાથી અલગ અલગ ગાડીઓમા રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, ગુજરાત જેવા રાજયોમા આવી પોતાની પાસેના હિન્દી ભાષાના એટલાસ નકશાની મદદથી તેઓ સમગ્ર વિસ્તાર જોઇ લે છે અને આ રીતે તેઓ ચાર થી પાંચ દિવસમા સમગ્ર રાજયમા ફરી એટીએમ સેન્ટરો જોઇ લઇ તેમા પોતે આ પ્રકારે નિર્દોષ વૃધ્ધ અને ટેકનીકલ કાર્યવાહીથી અજાણ એવા લોકોને ભોગ બનાવતા આવેલ છે. જેનો પર્દાફાસ થતા ભવિષ્યમા આ પ્રકારના એક થી વધારે ગુનાઓ બહાર આવવાની સંભાવના રહેલી છે.પકડાયેલ આરોપીઓ હરીયાણા ખાતેથી રવાના થઇ ગુજરાતમા ધાનેરા રાધનપુર, પાટણ, વિરમગામ, સુરેન્દ્રનગર, ભાવનગર, ઉના, સોમનાથ, રાજુલા, મહુવા, નડીઆદ, કપડવંજ, કઠલાલ શહેરા, દાહોદ, ગોધરા, મોડાસા, શામળાજી, વિ. સ્થળોઓ ફરેલ હોઇ, ભોગબનનાર લોકોએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવેલ છે.




